# ❁ 13 Questions on કોરોના & દેરાસર ❁

સરકારશ્રીની ગાઈડલાઈનની સાથે સાથે સંઘની સેફટી માટે અગ્રણીઓ દેરાસર માટે પણ ગાઈડલાઈન બહાર પાડી રહ્યા છે તે અનુમોદનીય અને કેટલાક પ્રશ્નો થાય છે.

(૧) સામાન્યથી દરેક સંઘ/દેરાસરની ગાઈડલાઈનમાં એક વસ્તુ કોમન જોવા મળે છે -

દેરાસર આટલાથી આટલા વાગ્યા સુધી જ ખુલ્લુ રહેશે.

પ્રશ્ન એ થાય છે કે આનાથી સેફ્ટી વધશે કે ઘટશે ?

જે લોકો છ-સાત કલાકમાં વહેંચાઈ જતા હતા તેમને આપણે ત્રણ-ચાર કલાકમાં ભેગા કરી દેતા હોઈએ એવું નથી લાગતું ?

(૨) **પૂજારીજી છૂટ્ટા થાય - એમની ડ્યુટી વહેલી પૂરી થઈ જાય, લોકો નિયત સમયે વધુ ભેગા થાય અને સંક્રમણની શક્યતા વધે - આ સિવાય સમય ટૂંકાવવાનું ક્યું ફળ છે ?**

(૩) સાંજે કરફ્યુના સમય કરતા ય દોઢ-બે કલાક વહેલું માંગલિક કરી દેવામાં કશો ફાયદો થવાનો છે ? સાંજે તો પૂજા ય નથી કરવાની હોતી તો જલ્દી માંગલિક કરીને ઓફિસાદિથી પરવારીને દર્શન કરવા આવતા લોકોને રોકવાથી કઈ રીતે 'સુરક્ષા' થઈ જાય છે ?

(૪) **ખરેખર તો સલામતી માટે સમય વધારવો જોઈએ કે ઘટાડવો જોઈએ ?**

(૫) એક બાજુ લોકો મહાબેદરકારીથી સાંસારિક પ્રવૃત્તિઓ કરતા હોય ને બીજી બાજુ આવા ધાર્મિક નિયંત્રણો જોવા મળે, ત્યારે એવું નથી લાગતું ? કે આપણને જાણે ધર્મને 'માર' મારવા બહાનું જ જોઈએ છે ?

(૬) ક્યાંક તો પૂજા માટે નવું નિયમન કરવાની જરૂર જ નથી પડી. કારણ કે ગત વર્ષે સદંતર બંધ કરેલી પૂજા હજી ખોલી જ નથી. કોરોના તદ્દન ગાયબ થઈ ગયો ને સ્કુલો સુદ્ધા ખુલી ગઈ. હિલસ્ટેશનો ને રિસોર્ટો તો નહીંતરે ખુલ્લા હતા ને ઉભરાતા હતા. પણ પૂજા ન ખુલી તે ન જ ખુલી આજે ૧૩ મહિનાથી પૂજા સદંતર બંધ છે. આથી વધુ શરમજનક વાત બીજી કઈ હોઈ શકે ?

(૭) **ગત વર્ષનું આપણું ધાર્મિક સરવૈયું એ રહ્યું કે કોરોના સૌ પ્રથમ આપણા ધર્મસ્થાનોને નડ્યો, બંધ થવામાં ધર્મસ્થાનોનો પહેલો નંબર ને ખુલવામાં છેલ્લો નંબર. ને ક્યાંક ક્યાંક સમષ્ટિગત કે વ્યક્તિગત રૂપે છેલ્લો નંબર પણ નહીં, ધર્મની આનાથી મોટી મશ્કરી અને આથી વધુ અપમાન બીજું ક્યું હોઈ શકે ?**

(૮) ઘણી જગ્યાએ અગ્રણીઓ ભાવનાશીલ હોય છે, તો બીજાઓને સલામતીની વધુ પડતી ચિંતા થતી હોય છે, એનું કારણ યા અજ્ઞાન હોય છે યા એવી મલિન ભાવના હોય છે કે અમને તો આમે ય આ બધું ન'તું ગમતું, ને આરાધકો પર દ્વેષ થતો હતો, પણ અમે શું કરી શકીએ ? ચાલો, આ કોરોનાનું બહાનું મળ્યું છે તો બધું બંધ કરાવી દઈએ.

(૯) **શા માટે અમુક કોમમાં કોઈ ભય નથી, સલામતીની કાળજી નથી ને મરણનું પ્રમાણ પણ નથી ? ને શા માટે આપણે ભયાનક દવાઓથી જુવાનીમાં જ છ-છ બાર-બાર મહિના સુધીનું ઘડપણ વેઠીએ છીએ કે પૈસાનું પાણી કરીને હોસ્પિટલમાં જીવ સુદ્ધા આપી આવીએ છીએ ? એના પર પણ આપણે ગંભીર વિચાર કરવાની જરૂર છે. વાંચો પુસ્તક - 'કોરોના'. લેખક - સંજયભાઈ વોરા**

(૧૦) સંસારના અને ધર્મના જુદા કાયદા - જુદી વિચારધારા - ધર્મસ્થાનને soft target બનાવવું - મહદંશે પ્રભુને અપૂજ બનાવવા - બજારમાં પરસ્પર ભેટવા જેવી ભીડનો કોઈ વાંધો નહી ને છૂટ્ટા છૂટ્ટા બેસીને પ્રવચનશ્રવણ/પ્રતિક્રમણ જેવી સલામત પ્રવૃત્તિ પર વાંધો ઉઠાવવો - પોતે ઉદયપુર ફરી આવવું ને અહીં ધર્મક્રિયાનો વિરોધ કરવો - આનો અર્થ સલામતીની ચિંતા થાય ? કે પછી ધર્મના વિરોધીપણું થાય ? આ પાપનું શું ફળ આવે, આની કલ્પના પણ એમણે કરી હશે ખરી ?

(૧૧) **આરાધના પર સીધો કુહાડો એ ધર્મદ્વેષ છે. સલામતી સાથેની આરાધનાનો ઉપાય યોજવો એ સમજણ અને વિવેક છે. આપણી દુકાન ધડ્ દઈને બંધ કરી દેવાનું આપણે વિચારતા પણ નથી પણ વચલા રસ્તા શોધીએ છીએ, જ્યારે એવું કારણ ન હોય તો મૂળ રસ્તે જ દોડે રાખીએ છીએ. એવું આરાધનાની બાબતમાં કેમ નથી વિચારતા ?**

(૧૨) જ્યારે પણ પ્રભુને સ્પર્શવાના મુદ્દે પૂજા જ બંધ કરવાની વાત આવે, ત્યારે એવું કેમ નથી વિચારાતું કે ફૂલપૂજા પ્રભુને અડ્યા વિના થઈ શકે છે, તો નિઃસંકોચ ચાલુ રાખવી. પ્રભુની સુંદર ભક્તિ થશે, પુણ્યાનુબંધી પુણ્ય મળશે, પૂજાના સંસ્કાર ઊભા રહેશે. વર્ષો સુધી પુષ્પપૂજામાં નિમિત્ત બનનાર સંઘના કૌટુમ્બિક સભ્ય - 'માળી'નો પરિવાર નહીં સીદાય. કેટલો બધો લાભ છે ! કેમ એવું ન થઈ શકે ?

(૧૩) એ રીતે ઘરેથી ધૂપ-દીપ લાવીને કેમ તે પૂજા ન થઈ શકે ? પાટલાને અડવાના પ્રશ્ન હોય, તો પ્રભુ સમક્ષ થાળીમાં નૈવેદ્ય-ફળ ધરીને સંઘે ઠેરવેલી જગ્યાએ પધરાવીને પણ નૈવેદ્ય-ફળ પૂજા કરી શકાય છે. જ્યારે તથાવિધ સંયોગો ઊભા થાય ત્યારે પણ આવા વચલા રસ્તા કેમ ગોતવામાં આવતા નથી. ને સીધું જ શા માટે શટર પાડી દેવામાં આવે છે ? ચૈત્યવંદન કરવાથી ક્યું આકાશ તૂટી પડવાનું છે ? લોકો અંતર નથી જાળવતા માટે - આ કોઈ જવાબ છે ? આપણો મેજોરિટી વર્ગ વિવેકી અને સુશિક્ષિત છે. જરૂર કરતા વધારે કાળજી રાખનારો છે, જૂજ લોકો કાળજી ન રાખતાહોય, તો તેમને નિર્દેશ કરવાની વ્યવસ્થા કરવાની હોય કે સમૂળગું આરાધનામાં જ તાળું લગાવી દેવાનું હોય ? આપણને જે વ્યવસ્થાનો શોર્ટકટ અને ઈઝી કટ લાગે છે, તે હકીકતમાં ગેરવ્યવસ્થા તો નથી ને ? આ પ્રશ્ન આપણે આપણને પૂછવો જોઈએ.

**સાર એ છે કે**
**સંઘની સલામતી પણ ખૂબ વધે**
**અને સંઘની આરાધના પણ ખૂબ વધે**
**એવા પ્રયત્નો લાગણી અને કાળજી સાથે કરવા દ્વારા જ**
**આપણું અગ્રણીત્વ અને આરાધકત્વ સાર્થક થાય છે.**
**માટે એવા પ્રયત્નો કરવા જોઈએ.**